ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૩ ટકા

# શહેરમાં ફરીથી લોકડાઉન જરૂરી

**શહેરમાં કોરોનાના વધતા જતા કેસ સાથે શહેરીજનોમાં વધતી ચિંતા ચર્ચાનો વિષય બની છે. ગાંધીનગર હવે કોમ્યુનિટી ટ્રાન્સમીશન તરફ આગળ વધી રહ્યું છે. કોરોનાના વધતા સંક્રમણને પગલે શું કરવું જોઈએ આ વિષય પર ગાંધીનગર સમાચારે નગરજનોનો અભિપ્રાય જાણવાનો પ્રયત્ન કર્યો છે.**

●●●

**લોકડાઉન કરવા કરતા માણસે પોતે જ પોતાની જવાબદારી સમજી કાળજી રાખવી જોઈએ**



કોરોનાની કપરી પરિસ્થિતિમાં કોમ્યુનિટી ટ્રાન્સમીશન વધવાનું એક મોટું કારણ છે લોકોમાં પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખવા અંગેની જાગૃતતાનો અભાવ. માસ્ક પહેરવું, વારંવાર હાથ ધોવા જેવી બેઝીક કાળજી લેવી જરુરી છે. પરંતુ એટલું જ પુરતું નથી તેની સાથે સાથે સ્વાસ્થ્યને લગતી સામાન્ય કાળજી અને ઈમ્યુનીટીમાં વધારો થાય તે ખૂબ જરુરી છે. જો આ વાત દરેક નાગરિક સમજે તો લોકડાઉન વિના પણ પરિસ્થિતિ સુધરી શકે છે. છુટછાટ સાથે લાંબુ લોકડાઉન લાગુ કરવાથી કમ્યુનિટી ટ્રાન્સમીશનને રોકવું મુશ્કેલ છે. તેનાથી રોજનું કમાઈને ખાનારા ગરીબ અને મધ્યમવર્ગીય લોકોની પરિસ્થિતિ વધુ કપરી બની જાય છે. મારા મતે એક અઠવાડિયા માટે પણ જો સંપૂર્ણ કરફ્યુ લાગુ કરી ચુસ્તપણે પાલન કરવામાં આવે તો તે યોગ્ય પ્રયત્ન કહેવાશે.

**- શ્રુતિ હિંડોચા, આર્કિટેક**

●●●

**નગરની દુકાનો એકી-બેકી ક્રમે ખુલ્લી રાખવી જોઈએ**



કોરોનાની કપરી પરિસ્થિતિ વચ્ચે ગાંધીનગર હવે કોમ્યુનિટી ટ્રાન્સમીશન તરફ આગળ વધી રહ્યું છે ત્યારે નગરના નાગરિક તરીકે મારા મતે લોકડાઉન સંપૂર્ણ થવું જોઈએ નહિ તેનાથી ધંધા રોજગાર પર આર્થિક અસર નહિ પડે, મધ્યમવર્ગીય અને નીચલા વર્ગને આર્થિક તંગી નહીં ભોગવવી પડે અને દુકાનોને અમુક નક્કી કરેલા દિવસો પ્રમાણે એકી-બેકી મુજબ ચાલુ રાખવી જોઈએ જેથી ભીડ થાય નહિ અને સોશિયલ ડીસ્ટન્સ જળવાઈ રહે. સંપૂર્ણપણે લોકડાઉન ન થવાથી લોકોને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મળી રહે તે જરુરી છે.

**- પ્રાચી મહેતા, ફેશન ડિઝાઈનર**

●●●



**નગરની દુકાનો અડધો જ દિવસ ખુલ્લી રહે તેમ કરવું જોઈએ**

કોરોનાની મહામારીના આ દિવસો દરમિયાન મારા મતે લોકડાઉન થવું જોઈએ પણ અડધો દિવસ નગરની દુકાનમાં સોશિયલ ડિસ્ટન્ટ ફરજીયાત રાખીને. માસ્કના ૨૦૦ રૂપિયા પેનલ્ટી રૂપે લેવાની જગ્યાએ માસ્કનું વિતરણ કરવું જોઈએ.

**- ઉર્મિત પટેલ**

●●●



**હજી એક અઠવાડિયું લોકડાઉન આવવું જોઈએ**

લોકડાઉનની તો ખૂબ જ જરુર છે કારણકે કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિને કાબુમાં લેવા હજી જો એક અઠવાડિયું કડક કરફયુ સાથે લોકડાઉન કરવામાં આવે તો ઘણી રીતે પરિસ્થિતિ કાબુમાં લાવી શકાય છે અને પહેલના સમયની જેમ દરેક ચિંતા વગર ફરી શકે તેવો સમય ધાર્યા કરતા જલ્દી લાવી શકાય.

**- અમૃતા દવે, મેનેજર, વોડાફોન સર્કલ ઓફિસ**

●●●

**સંપૂર્ણ લોડાઉન તો ન થવું જોઈએ પરંતુ વૃધ્ધો અને બાળકો માટે ઘરની બહાર નીકળવાનું બંધ કરાવવું જોઈએ**



કોરોનાની હાલની પરિસ્થિતિ અને વધતી મહામારીને જોતા મારા મતે સંપૂર્ણ લોકડાઉન ન કરી શકાય પરંતુ આંશિક લોકડાઉન કરી શકાય કારણ કે સંપૂર્ણ લોકડાઉનમાં રોજનું રોજ કમાતો વર્ગ હેરાન થાય અને જો આંશિક લોકડાઉન કરવામાં આવે તો સંક્રમણ ઘટી શકે અને બેરોજગારીને કાબૂમાં લઈ શકાય તેમજ બાળકો તથા વૃધ્ધોને બહાર નીકળવામાં મનાઈ, દરેક લોકોને ફરજીયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સનું પાલન, આયુષ મંત્રાલયમાંથી આપવામાં આવેલ ઉકાળાનું સેવન જેવા નિયમોનું ચુસ્તપણે પાલન કરી શકાય અને સવારના ૮ થી સાંજના ૬ સુધી ખુલ્લા બજારો કે અન્ય કચેરીઓને પણ ખુલ્લા રાખી કામગીરી બજાવી શકાય.

**- ડો. તોરલ મહેતા, હોમિયોપેથીક**

●●●

**લોકડાઉન થવા સાથે નગરના યુવાનોએ ટેકનોલોજીની મદદથી કોરોનાને લઈને જનજાગૃતતા ફેલાવવી જોઈએ**



કોરોના મહામારીની વણસતી જતી પરિસ્થિતિમાં દિવસેને દિવસે કોરોના પોઝીટીવ કેસની સંખ્યામાં નોંધનીય વધારો થઈ રહ્યો છે. ગાંધીનગરના નાગરિક તરીકે મારા મતે સંપૂર્ણ લોકડાઉન ન થવું જોઈએ. પરંતુ જનતા કરફયુનો સમય ઘટાડી કડક નિયમો બનાવવા જોઈએ. શહેરના પ્રત્યેક નાગરિકે સભાનતાપૂર્વક સોશિયલ ડિસ્ટન્સ જાળવી માસ્ક પહેરી પૂરતી તકેદારી રાખવી જોઈએ. આ ઉપરાંત યુવા પેઢીએ કોરોના રોગથી બચવા આજની આધુનિક ટેકનોલોજીની મદદથી જાગૃતતા લાવવા પહેલ કરવી જોઈએ.

**- જીગ્નેશ ટાટરિઆ, ટાટરિઆ કેટર્સ**

●●●

**શનિ-રવિમાં સંપૂર્ણ લોકડાઉન રાખવું જોઈએ**



હાલ ગાંધીનગરમાં કોરોનાની પરિસ્થિતિ કપરી બની છે ત્યારે મારા મત મુજબ લોકડાઉન શનિ-રવિ કરવામાં આવે તે હિતાવહ છે. નાના બાળકો અને ૬૫ વર્ષથી ઉપરના વડીલો માટે જો ફરજીયાત લોકડાઉન કરવામાં આવે તો મૃત્યુ દર ચોકકસ ઘટાડી શકાય. લોકો બિનજરુરી બહાર ન નીકળે તે અભિયાન ચલાવવું પણ હાલના સમયમાં જરુરી બન્યું છે.

**- મિત્તલ રાણા, પ્રેસિડન્ટ, લાયોનેસ કલબ**

●●●

**શ્રાવણ માસમાં કોરોનાથી બચવાના પગલાનું પાલન જ સાચી પૂજા ગણાશે**



કોરોના વાયરસની આ મહામારીમાં દરેક પ્રજાજનોએ અત્યારની પરિસ્થિતિમાં WHO ની અને ભારત સરકારની આરોગ્યસેતુ એપ પ્રમાણે જે ગાઈડલાઈન બતાવી છે તેનું પાલન કરવું જોઈએ. આ પવિત્ર શ્રાવણ માસમાં શિવજીની બીલીપત્ર અને જલધારીની અભિષેક પૂજા કરવી જોઈએ. સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્કનો ઉપયોગ જેવા સામાન્ય તકેદારીના પગલા લેવા તેજ સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસની પૂજા ગણાશે.

**- અશોક ત્રિવદી, નિવૃત્ત આચાર્ય - આઈટીઆઈ પ્રેસિડન્ટ, લાયન્સ કલબ ફોર્ટ**

●●●

**લોકોમાં જાગૃતતા જ કોરોના દૂર કરશે**



મારા મતે લોકડાઉનથી અગાઉ પણ ફેર પડયો નથી તો હાલ પણ લોકડાઉન કોઈ ફાયદોનહી કરે માત્ર અને માત્ર લોકોમાં જાગૃતતા જવાબદારી અને જડબેસલાક કોરોનાને મીટાવવાના સુચનોનું પાલન જ ફાયદો કરશે.

**- કવિતા કોટક, કે.કે.ચોકલેટસ**

●●●

**નગરના હોટ સ્પોટ વિસ્તારમાં લોકડાઉનની જરુર છે**



દિવસેને દિવસે વધી રહેલા કોરોનાના કેસ નગર માટે ચિંતાની વાત છે. મારા મતે નગરના અમુક હોટ સ્પોટ વિસ્તારમાં લોકડાઉનની જરુર છે. અને દુકાનો ખુલવાનો સમય અડધો કરી નાંખવો જોઈએ અને નગરજનોએ પણ સરકાર દ્વારા જાહેર કરાયેલ ગાઈડલાઈનનું પાલન કરવું જોઈએ.

**- ભાવિન પ્રજાપતિ, વેલ્યુ બેન્કર, આઈસીઆઈસીઆઈ બેંક**

●●●

**સંપૂર્ણ નહિ પણ જરૂર હોય તે વિસ્તારમાં લોકડાઉન કરવું જોઈએ**



મારા મતે લોકડાઉન થવું જોઈએ કારણકે હાલની પરિસ્થિતિ જોઈએ તો પ્રમાણમાં કોવિડ-૧૯ના કેસ વધી રહ્યા છે. આ એક ગંભીર વાત છે છતાં અમુક લોકો હજી પણ જાગૃત નથી થઈ રહ્યા. સો ટકા લોકડાઈન કરવાની જરૂર પણ નથી. શાકભાજી-દૂધ અને કરિયાણું મળતું રહેવું જોઈએ. સાથે સાથે કોરોના સમયે લેવાતા જરૂરી પગલા લેવા જ જોઈએ અને દરેક ઓર્ગેનાઈઝેશન તરફથી બને તો વર્ક ફ્રોમ હોમ આપી જ દેવું જોઈએ.

**- કૃપા મહેતા, શિક્ષક**

●●●

**લોકડાઉન કરવું જોઈએ અને કરવું હોય તો હવે સરકારે સામાન્ય નાગરિકની જરૂરિયાતનું ધ્યાન રાખવું પડે**



હવે લોકડાઉન થવું જોઈએ કારણકે પાછલા મહિનામાં નીચલા અને મધ્યમ વર્ગના લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી છે. દરેકે પોત પોતાની રીતે તકેદારીના પગલાં લેવા હવે જરુરી બન્યા છે. થોડી સમજ શકિત કેળવવાની જરુર છે. જે કામ વગર ફરે છે તેમના તરફ સરકાર દ્વારા યોગ્ય પગલા લેવા જોઈએ અને જો સરકારે લોકડાઉન કરવુ હોય તો દરેક નાગરિકની બધી જ જરૂરિયાતનું ધ્યાન હવે સરકારે રાખવું પડે. બાકી અનેક જરૂરિયાતવાળા લોકો કોરોના થયો ન હોય તો પણ મુશ્કેલીમાં જ મુકાઈ જશે.

**- ઉત્સવ પરમાર, ફોક આર્ટિસ્ટ**

## સેકટર-૭ પોલીસ મથકની હદમાંથી બે બુલેટની ચોરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી બુલેટ ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં છેલ્લા ઘણા સમયથી બુલેટ ચોરીના કિસ્સાવધુ સામે આવે છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના સેકટર-૭ અને ૩ માંથી બુલેટ ચોરીની ફરીયાદ નોંધાવા પામી છે. પોલીસે બુલેટ ચોરીનો ગુનો નોંધી ચોર ટોળકીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીગનર શહેરના સેકટર-૭ બી પ્લોટ નં.૬૦૧-૧ ખાતે રહેતા રાજવીરસિંહ વિક્રમસિંહ ડોડીયા પાસે જી.જે.૧૮.ડી.જી.-૬૭૭૭ નંબરનું ૨૦૧૯ મોડલનું રોયલ એનફીલ્ડ બુલેટ-૫૦૦ હતું. ગત તા.૧૭ જુલાઈના રોજ રાત્રે ઘર પાસે બુલેટ પાર્ક કરીને તે સુઈ ગયો હતો. ત્યારબાદ સવારે ઉઠીને જોયું તો તેનું બુલેટ ગાયબ હતું. જેથી તેણે દોઢ લાખની કિંમતના બુલેટ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

જયારે બીજા બનાવમાં શહેરના સેકટર-૩ બી પ્લોટ નં ૧૩૮૦-૨ ખાતે રહેતા નીરવ ઘનશ્યામભાઈ પટેલ પાસે જી.જે.૧૮.સી.કયું.-૫૫૦૫ નંબરનું વર્ષ ૨૦૧૭ના મોડલનું બુલેટ-૩૫૦ હતું. નીરવ ઘર પાસે તા.૧૭ જુલાઈના રોજ બુલેટ પાર્ક કરીને તે સુઈ ગયો હતો. જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયું તો ઘર પાસે પાર્ક કરેલુ બુલેટ ન હતું. જેથી યુવકે આસપાસ પોતાની રીતે શોધખોળ આદરી હતી પરંતુ બુલેટ ન મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૭૦ હજારના બુલેટ ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પરંતુ એક સાથે બે બુલેટની શહેરમાંથી ચોરી થતા ચોર ઈસમોને પકડવા માટે પોલીસ પણ સક્રિય થઈ ગઈ છે.

## ઓનલાઈન ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ બનાવવા માટે વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગણેશ ચતુર્થીનો લોકપ્રિય તહેવાર આગામી માસમાં આવી રહ્યો છે અને કોરોનાને કારણે નગરજનોમાં તહેવારોની ઉજવણી અંગે મુંઝવણ પ્રવર્તે છે ત્યારે લાયન્સ કલબ ઓફ ફેમીના દ્વારા આવનાર ગણેશચતુર્થી નિમિત્તે ગણપતિજીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવવા માટેનું ઓનલાઈન વર્કશોપનું આયોજન તા. ૨૬ જુલાઈના રોજ કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેનારને સંસ્થા દ્વારા સ્ટરીલાઈઝ માટી આપવામાં આવશે. વર્કશોપનો સમય સવારે ૯.૩૦ કલાકનો રહેશે તથા કોરોનાને ધ્યાનમાં રાખી યોજાનાર આ કાર્યક્રમમાં નગરના કોઈ પણ વ્યકિત ભાગ લઈ શકશે તેમ સંસ્થાના પ્રમુખ મમતા રાવલ દ્વારા જણાવાયું છે તથા વધુ માહિતી માટે પલ્લવીબેન ગુપ્તે ૯૬૩૮૩૯૩૭૭૯નો સંપર્ક કરવા જણાવાયું છે.




તહેવારોની રોનક ધીમે ધીમે શહેરમાં દેખાઈ રહી છે. કોરોના કાળમાં સાવ મંદ પડેલો ફુલોનો વ્યવસાય હવે ધીમે ધીમે જામી રહ્યો છે. વ્રતો અને તહેવારોની સિઝન શરૂ થતાં શહેરમાં ફૂલોની માંગ વધવા માંડી છે. શ્રાવણ માસમાં મંદિરોમાં ભલે ભીડ ન જામે પરંતુ ઘરમાં જ પૂજા અર્ચના કરવાનો મહિમા વધ્યો છે. જેના કારણે ફૂલોની અને પૂજાપાની માંગ વધી છે અને રોજેરોજ કમાઈને ખાનાર વર્ગને આ કોરોના કાળમાં થોડીક રાહત જરુર મળશે.

## વિદેશ અભ્યાસ અને રોજગાર તથા કારકિર્દી માર્ગદર્શન વેબીનાર

ગાંધીનગર, તા.૨૦

હાલમાં નોવેલ કોરોના – કોવીડ-૧૯ના સંક્રમણને અટકાવવા માટે દેશ અને દુનિયામાં પ્રયત્નો થઈ રહ્યા છે. જેમાં સરકાર દ્વારા લોકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે. તેવા સમયમાં યુવાનો અને રોત્રવાંચ્છુઓ ઘરમાં સુરક્ષિત રહીને રોજગાર કચેરીની વિવિધ સેવાઓ ઘરે બેઠા મેળવે તે આશયથી જીલ્લા રોજગાર કચેરી-ગાંધીનગર તથા સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ, ગાંધીનગર દ્વારા તા.૨૭/૦૭/૨૦૨૦ના રોજ ૧૨:૦૦ કલાકે ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીને મુંઝવતા પ્રશ્નો, વિદેશમાં અભ્યાસ અને રોજગારીની તકો જેવી તમામ સેવાઓ અંગેનું માર્ગદર્શન રોજગાર કચેરીના તજજ્ઞ કેરિયર કાઉન્સેલરો તેમજ ઓવરસીઝ માર્ગદર્શન કેન્દ્ર,અમદાવાદના તજજ્ઞ કાઉન્સેલરશ્રી દ્વારા વિનામુલ્યે પૂરું પાડવામાં આવશે. સેવાઓનો લાભ લેવા માંગતા ઉમેદવારો અને વિદ્યાર્થીઓએ https://forms.gle/XMNe1eBFAqLAvmKe9 આ લિંકમાં પોતાનું રજીસ્ટ્રેશન તા.૨૪/૦૭/૨૦૨૦ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં કરી લેવાનું રહેશે. તેમજ વેબીનારમાં જોડાવવા માટે અલગથી ઝૂમ એપનું લોગીન આઈ.ડી અને પાસવર્ડ આપના ઈ-મેઈલ પર મોકલી આપવામાં આવશે, તેવું જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## આજે સમર્પણ કોલેજ કેમ્પસમાં સ્વૈચ્છિક રકતદાન શિબિર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા તા. ૨૧મી જુલાઈ મંગળવારે સવારે ૯ કલાકે સંસ્થાના સેકટર-૨૮ ખાતેના કેમ્પસમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા તથા યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના જન્મદિન નિમિત્તે 'બાપુ જન્મોત્સવ' અંતર્ગત સમર્પણ કોલેજના હેલ્થ એન્ડ યોગા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા એનએસએસ સમિતિના સંયુકત ઉપક્રમે સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ શિબિરમાં રકતદાન કરનાર રકતદાતાઓને 'કોરોના વોરિયર'નું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. રકતદાન શિબિર દરમિયાન ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ દ્વારા કોરોના કીટ જેમાં માસ્ક, સેનેટાઈઝર અને ઈમ્યુનિટી વર્ધક હોમિયોપેથીક ટેબ્લેટનો સમાવેશ થાય છે તે શુભેચ્છા ભેટ સ્વરૂપે આપવામાં આવશે.



કોરોનાના કપરા કાળમાં માસ્ક પહેરવું અનિવાર્ય બન્યું છે. દરરોજ મોટી સંખ્યામાં કરોનાના કેસ આવતા હોવા છતાં હજુ માસ્ક પહેરવા બાબતે કેટલાક લોકો નિષ્કાળજી રાખે છે. રિલાયન્સ ચોકડી પાસે પોલીસે બંદોબસ્ત ગોઠવી માસ્ક ન પહેરનાર વાહનચાલકોને રોકી તેમની પાસેથી દંડ વસૂલવાની કામગીરી કરી હતી.

## લો, હવે આઈટીઆઈના સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરોની પણ ગ્રેડ પે ૪૨૦૦ માટે માંગ

**આઈટીઆઈના સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરોનું કાર્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો સમકક્ષ હોવાનું અને દેશમાં ગુજરાતમાં સૌથી ઓછું વેતન મળતું હોવાનો રાજય કારીગર તાલીમ યોજના કર્મચારી મંડળ વર્ગ-૩નો દાવો**

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજયમાં ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦નો મુદ્દો બરાબર ચગ્યો છે તેમાં હવે આઈટીઆઈ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર પણ સામેલ થયા છે અને તેમને આ ગ્રેડ મળવો જોઈએ તે અંગે ગુજરાત રાજય કારીગર તાલીમ યોજના કર્મચારી મંડળ વર્ગ-૩ દ્વારા માંગ કરવામાં આવી છે. મંડળ દ્વારા આઈટીઆઈ સુપરવાઈર ઈન્સ્ટ્રકટરનું કાર્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને સમકક્ષ હોવાનું જણાવતા તેમનો પગારધોરણ ભારતમાં સૌથી નીચું કારકુન સમકક્ષ ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૨૮૦૦ મળતું હોવાનું જણાવ્યું છે.

ગુજરાત રાજય કારીગર તાલીમ યોજના કર્મચારી મંડળ વર્ગ-૩ની અખબારી યાદી જણાવે છે કે રાજયમાં આઈટીઆઈના સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરનું પગાર ધોરણ ૫૨૦૦-૨૦૨૦૦ એટલે કે ગ્રેડ પે ૨૮૦૦ છે જયારે જુના ભરતીના નિયમ મુજબ આ જગ્યા માટે ડિપ્લોમા/ડિગ્રીમાં એન્જિનીયરીંગ અને ૧ થી ૩ વર્ષનો અનુભવ માંગવામાં આવે છે પરંતુ તેમના પે સ્કેલમાં કોઈ પણ જાતનો સુધારો કરવામાં આવ્યો નથી. રાજય સરકારમાં જુદા જુદા વિભાગોમાં આ લાયકાત માટે પગાર ધોરણ ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦ થી ૪૬૦૦ આપવામાં આવતું હોવાનો દાવો કરતા મંડળે જણાવ્યું છે કે આઈટીઆઈમાં તાલીમ મેળવતા તાલીમાર્થીઓ ધો-૧૦ પાસ હોય છે તેથી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરનું કાર્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો સમકક્ષ બની જાય છે જેમને ગ્રેડ પે ૪૪૦૦ આપવામાં આવે છે. હાલમાં દરેક રાજયોની આઈટીઆઈ ડીજીડી દિલ્હીના નીતિ નિયમોને અનુસરે છે અને ગુજરાત સિવાયના તમામ રાજયોની આટીઆઈમાં ઈન્સ્ટ્રકટરનું પગાર ધોરણ ગ્રેડ પે ૪૨૦૦ થી ૪૬૦૦નું છે જયારે માત્ર ગુજરાતના આટીઆઈના ઈન્સ્ટ્રકટરોને પગાર ધોરણ અન્ય રાજયોની સરખામણીએ સૌથી નીચું ગ્રેડ પે ૨૮૦૦ મુજબ ચુકવાય છે. ડીજીડી-દિલ્હી દ્વારા પણ ગ્રેડ પે ૪૬૦૦ની ગાઈડલાઈન આપવામાં આવી છે તેથી મંડળ દ્વારા આઈટીઆઈના સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરોને ગ્રેડ પે ૪૨૦૦ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ સાથે જો સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય લેવામાં નહી આવે તો આગામી દિવસોમાં આરટીઓની લર્નિંગ લાઈસન્સની કામગીરી બંધ કરવાની અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

### ચિરવિદાય

- સ્વ. સુરેશચંદ્ર મંગળદાસ પટેલ, ઉ.વ. ૫૮, મુ. પેથાપુર, ગાંધીનગર
- સ્વ. પટેલ બાબુભાઈ છગનદાસ, ઉ.વ. ૬૬, મુ. મોતીપુરા (વેડા), તા.માણસા
- સ્વ. ઠાકોર પુંજાજી ફુલાજી, ઉ.વ. ૭૧, મુ. ઈરાલા, તા. કડી
- સ્વ. જેઠાભાઈ કેશાભાઈ ઝાપડીયા, ઉ.વ. ૫૪, સેકટર-૧૩, છાપરાં